સામાયિક પ્રતિક્રમણ
અર્થ કાવ્ય

સામાયિક શુદ્ધ ભાવથી, અંતર આરોપાય
રંગ રગે રગ લાગતા, જીવન મુક્ત જણાય

પવિત્ર ક્રિયા માર્ગમાં રૂચિવંત ભવ્યાત્માઓને
વાંચવા વિચારવા માટે

લેખક
મહેતા અમરચંદ કાનજી મું. મોરબી

પ્રકાશક
મહેતા હરીલાલ ગુલાબચંદ
ઠે. કામદાર બ્રધર્સ
પોસ્ટ ઝરીઆ (માનભુમ)

વીર સંવત ૨૪૫૫ સને ૧૯૨૯

સામાયિક પ્રતિક્રમણ

અર્થ કાવ્ય

સામાયિક શુદ્ધ ભાવથી, અંતર આરોપાય
રંગ રગે રગ લાગતા, જીવન મુક્ત જણાય

પવિત્ર ક્રિયા માર્ગમાં રૂચિવંત ભવ્યાત્માઓને
વાંચવા વિચારવા માટે

લેખક

મહેતા અમરચંદ કાનજી મુ. મોરબી

પ્રકાશક

મહેતા હરીલાલ ગુલાબચંદ

ઠે. કામદાર બ્રધર્સ

પોસ્ટ ઝરીઆ (માનભુમ)

વીર સંવત ૨૪૫૫ સને ૧૯૨૯

૧૫૪૯૪ અર્પણ

જે પ્રભુના પ્રેમમાં મસ્ત રહેતા જે પરમાર્થ બુદ્ધિથી વ્યવહાર કરી શકતા હતા અને જેનો સંગ મ્હારા જેવા અનેકને વિશ્રાંતિ રૂપ હતો તે શરીરથી ગત છતાં-અમર મહારા પરમ પુજ્ય કાકાશ્રી ગુલાબચંદ હીરાચંદ મહેતા [illegible]ને આ લઘુ પુસ્તક અપર્ણું કરી કૃતાર્થ થાઉં છું.

આભાર

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં મ્હારા વડિલભાઈ હરીલાલ ગુલાબચંદે મ્હને ઉત્સાહીત કરી રા. રેવાશંકર લીલાધર સંઘવી ત્થા.........................પાસે સંસોધન કરાવી છપાવી પ્રસિદ્ધ કરવા પ્રેર્યો જેથી તેમનો આભાર સહિત સ્વીકાર કરી, તેમના પુજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે છપાવવા પરવાનગી આપી.

ઉદ્દેશ

આ પુસ્તક લખવાનો ઉદ્દેશ એટલો જ કે કેટલાક ધર્મ બંધુઓ સામાયિક પ્રતિક્રમણ કરતા છતાં અર્થ નહિ જાણવાના કારણે લીન ભાવમાં આવી શકતા નથી જેથી મેં મારા પોતાના માટે મુળ પાઠોના અર્થ ઉપરથી અનુક્રમે દોહરા બનાવ્યા. જો કે હું કાંઇ કવિ નથી, પરંતુ મારા પુજ્ય કાકાશ્રીના સહવાસથી મળતા પદની લીંટીઓ બનાવવાનો મહાવરો હતો જે ઉપરથી ભાંગી તુટી લાઇનમાં પણ દોહરા કરી ઉપયોગમાં લેતો. ભાઈ હરીલાલ ગુલાબચંદે તે જોયા અને અતિ પસંદ થયાથી તેઓશ્રીએ મ્હને છપાવી પ્રસિદ્ધ કરાવવા પ્રેર્યો.

અમરચંદ કાનજી

શ્રી સિદ્ધ ભગવંતની સ્તુતિ

તુમ્હે તરણુ તારણુ દુઃખ નિવારણુ ભવિક જીવ આરાધનં;
શ્રી નાભિનંદન જગતવંદન નમો સિદ્ધ નિરંજન. ૧

જગત ભુષણુ વિગત દુષણુ પ્રણુવ પ્રાણુ નિરૂપકં;
ધ્યાન રૂપ અનોપ ઉપમં નમો સિદ્ધ નિરંજનં. ૨
ગગન મંડળ મુક્તિ પદવી સર્વ ઉર્ધ્વ નિવાસનં;
જ્ઞાન જ્યોતિ અનંત રાજે નમો સિદ્ધ નિરંજનં. ૩

અજ્ઞાન નિદ્રા વિગત વેદન દલિત મોહ નિરાયુષં;
નામ ગોત્ર નિરંતરાયં નમો સિદ્ધ નિરંજનં. ૪

વિકટ ક્રોધા માન યોદ્ધા માયા લોભ વિસર્જનં;
રાગ દ્વેષ વિમુદ્રિત અંકુર નમો સિદ્ધ નિરંજનં. ૫
વિમળ કેવળ જ્ઞાન લોચન ધ્યાન શુકલ સમીરિતં;
યોગના યતિ ગમ્ય રૂપં નમો સિદ્ધ નિરંજનં. ૬

યોગ્ય ને સમો સરણુ મુદ્રા પરિ પલ્યં કાસનં;
સર્વ દિસે તેજ રૂપં નમો સિદ્ધ નિરંજનં. ૭
જગત જનકે દાસ દાસી તાસ આસ નિરાસનં;
ચંદપે પરમાનંદ રૂપં નમો સિદ્ધ નિરંજનં. ૮
સ્વ સમય સમકિત દૃષ્ટિ જિનકી સોયે યોગી અયોગિકં;
દેખતામાં લીન હોવે નમો સિદ્ધ નિરંજનં. ૯

તીર્થં સિદ્ધા અતીર્થ સિદ્ધા ભેદ પંચ દશા દ્વિકં;
સર્વ કર્મ વિમુક્ત ચેતન નમો સિદ્ધ નિરંજનં ૧૦
ચંદ્ર સુર્ય દીપ મણિકી જ્યોતિને ન ઉલંઘિતં;
તે જ્યોતિથી પરમ જ્યોતિ નમો સિદ્ધ નિરંજનં. ૧૧

એક માંહિ અનેક રાજે અનેક માહીં એકીકં;
એક અનેક કી નાંહિ સંખ્યા નમો સિદ્ધ નિરંજનં. ૧૨

અજર અમર અલખ અનંત નિરાકાર નિરંજન.
પરિબ્રહ્મ જ્ઞાન અનંત દર્શન નમો સિદ્ધ નિરંજનં. ૧૩

અતુલ્ય સુખકી લેહેરમેં પ્રભુ લીન રહે નિરંતર;
ધર્મ ધ્યાનથી સિદ્ધ દર્શન નમો સિદ્ધ નિરંજનં. ૧૪

ધ્યાન ધુપં મનો પુષ્પ પંચેદ્રિય હુતાશનં;
ક્ષમા જાપ સંતોષ પૂજા પૂજો દેવ નિરંજનં. ૧૫

તમે મુક્તિ દાતા કર્મ ઘાતા દીન જાણી દયા કરો;
સિદ્ધાર્થ નંદન જગત વંદન મહાવીર જિનેશ્વરં. ૧૬

શ્રી શાન્તિનાથાય નમઃ

સ્તુતિ

ૐ હ્ર

	૮	૧	૬	
પંદરો	૩	૫	૭	જંત્ર
	૪	૯	૨	

મંગલાણંચસવ્વેસિ, અરિહંતાણં, એસોપંચનમુક્કારો.
૮ ૧ ૬
આયરિય, લોએસવ્વસાહુણં, સવ્વપાવપણાસણો. ૧
૩ ૫ ૭
ઉવઝાયાણં, પઢમંહવઈમંગલં, નમોસિદ્ધાણં
૪ ૯ ૯
સવ્વ મંગલ, માંગલ્ય, સવ્વ કલ્યાણ કારણં. ૨

કરો સામાયિક ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન
સુરગતિ શિવગતિ પામશો, ભાંખે શ્રી ભગવાન. ૧

નિંદા વિકથા પરિહરી, ષટ્ ભાંગે પચ્ચખ્ખાણ
મન વચ કાયા ગોપવાં, જો ચાહો ....કલ્યાણ ૨

લાખ સોનૈયા મહોરથી, કીંમત અધિક અનંત
શ્રી શ્રેણિક નૃપ આગળે, બોલ્યા શ્રી ભગવંત ૩

જો કોઇ કલેશ ઉદિરણા, કરે સામાયિક માંહિ
તો સામાયિક દુરે જશે, લાભ ન થાએ કાંઈ ૪

એક વાર એક જ ચિત્તથી, લહો સામાયિક લ્હાવ
મારગ મોક્ષ દ્વારનો, ભવે દધિ તરવા નાવ ૫

૭૬

પાંસઠિયો જંત્ર

૨૨	૩	૯	૧૫	૧૬
૧૪	૨૦	૨૧	૨	૮
૧	૭	૧૩	૧૯	૨૫
૧૮	૨૪	૫	૬	૧૨
૧૦	૧૧	૧૭	૨૩	૪

સ્તુતિ

શ્રી નેમિશ્વર સંભવ શામ, સુવિધિ ધર્મ શાંતિ અભિરામ,
૨૨ ૩ ૯ ૧૫ ૧૬
અનંત સુવ્રત નમિ નાથ સુજાણ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણ. ૧
૧૪ ૨૦ ૨૧

અજિતનાથ, ચંદ્ર પ્રભુ ધીર, આદિશ્વર સુપાસ ગંભીર,
૨ ૮ ૧ ૭
વિમળનાથ વીમળ જગ જાણુ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૨
૧૩
મલ્લિનાથ જિન મંગળ રૂપ, પચીશે ગૌત્તમ ગણધર ગુણરૂપ,
૧૯ ૨૫
નમું અરનાથ વલી વર્દ્ધમાન, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૩
૧૮ ૨૪
સુમતિ પદ્મ પ્રભુ અવતંસ, વાસુ પુજ્ય શીતળ શ્રેયાંસ,
૫ ૬ ૧૨ ૧૦ ૧૧
કુંથું પાર્શ્વ અભિનંદન ભાણુ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૪
૧૭ ૨૩ ૪

ઇણિ પેરે જિનવર સંભારીયે, દુઃખ દારિદ્ર વિઘ્ન નિવારીયે,
પચ્ચીશે પાસંઠ પરિમાણુ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૫
ઇમ ભણતાં દુઃખ નાવે કદા, નિજ પાસે જો રાખો સદા,
ધરિયે પંચ તણું મન ધ્યાન, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૬
શ્રી જિનવર નામે વંછિત મળે, મન વંછિત સૌ આશા ફળે,
ધર્મસિંહ મુનિ નામ નિધાન, શ્રી જિનવર મુજ કરો કલ્યાણુ. ૭

દ્વાદશ પદી જંત્ર

૧.	સુ	ક	ક	કુ	ક	સ્મ	શ	ફ્ર	સ	ધ	વૃ	સા	ણો	રી	યોં	સં	ર	ર
૨.	ત્ર	લ	ફ્ર	ર	ન	મા	ભ	શે	વિ	ગ	મે	ણુ	મિ	ર	લ	મ	નિ	વિ
૩.	વિ	કા	ચઃ	તિ	લ	ક્ર	ત્ર	હિ	મ	ક	ય	ક	સ	મ	ર	જ	ખ્યુ	ા
૪.	થ	ત	નો	ર	મ	વૃ	ત્ય	ત	સ	બ	ની	શ્વા	ઇ	છે	ર	તા	જ	ત
૫.	આ	ઍ	ફ્ર	લ	થ્યા	સિ	ર	કા	થ	દુઃ	બ	છે	સી	એ	લ	ગ	કે	દ્ધ
૬	હે	ર્યં	થ	ખ	વિ	સ	સ	અ	ન	ન	મ	ભ	શે	ન	શે	ના	ખિ	ઉ
૭.	અ	ભિ	હિં	હિં	જ	ગ	આઃ	હિં	ત	વે	એ	થી	મા	મા	થા	છુ	થા	વં

૮.	ઘિ	શં	મા	ક	થા	શ્રે	રી	ન	શે	ટે	એ	ત	ન	કા	રે	હા	ય	ષ્ટ
૯.	પુ	છ્યા	ક	ત	ક	સુ	વિ	ક	સિ	મ	દુઃ	સુ	ર	ને	ર	બ	હે	ભ
૧૦.	ન	ણી	દ્ધ	ન	મ	ખ	ણુ	ધ	મે	લ	ઇ	થ	ય	ન	ભ	વં	દા	થા
૧૧.	થ	રી	ખ	ગ	શ્વ	શે	સા	હિં	ગ	છિ	રિ	એ	શે	અ	ચી	ખ	ર	ક
૧૨.	થ	થા	વં	ત	દ્ર	કે	મ	રિ	ત	રે	પુ	રો	ર	એ	ત	ફ્ર	અ	મ
૧૩.	ન	હું	પ	સો	ણ્યે	કા	હે	ત્રિ	ને	લ	ને	જો	કા	ત	સ	કા	પા	ર્ય
૧૪.	શો	જ	ર	મ	વિ	ક	મ	ભ	તા	મ	પ	ધ	નિ	ય	દ	લ	ન્ધ	રી
૧૫	ના	ગ	વો	જ	ઠે	રી	શ	ના	યે	શે	પ	એ	સા	વા	થા	ડુ	લા	ખં
૧૬.	હિ	ડં	ધા	સ	લા	વે	રી	ન	શે	ટે	એ	ત	ન	કા	રો	દા	ય	ઠ

દ્વાદશ પદી જંત્ર સમજવાની રીત

આમા પ્રશ્ન કરવાની એવી રીત છે કે પ્રશ્ન કર્તાએ અરિહંત ભગવાનનું હૃદયપુર્વક ધ્યાન ધરી કોઇ પણ અક્ષર ઉપર આંગળી મૂકવી. ત્યાર પછી તે અક્ષર કોઇ જૂદા કાગળ પર લખવો, પછી જે અક્ષર પર આંગળી મૂકી હોય તે અક્ષરથી દરેક તેરમો અક્ષર લઇ ક્રમવાર લખતા જાવું અને આંગળી મૂકેલો અક્ષર ફરીથી આવે ત્યાં સુધી અક્ષર મૂકે જવા એટલે બરાબર ચોવીશ અક્ષરની એક ચોપાઇ રૂપ કવિત તૈયાર થશે, અને તે પ્રશ્ન કર્તાના ઉત્તર રૂપે જ હશે, જે ઉપરથી પ્રશ્નનો ઉત્તર સમજી લેવો, જે ચોપાઇ રૂપ કવિત તૈયાર થાય તેમાં કેટલીક વાર નીચેના અક્ષર ઉપર અને ઉપરના નીચે થઇ જાય છે માટે તે બરાબર મેળવી લેવા જોઇએ તેમાં કાંઇ મુશ્કેલી નથી વાંચનાથી તે સ્પષ્ટ જણાઇ આવે છે.

દાખલા તરીકે પહેલી લાઇનમાંથી નવમો અક્ષર "સ,, લીધો ત્યાંથી તેરનો "ક,, અને ક. થી તેરમો "લ,, બાદ આવશે "મ,, એમ લેતા લેતા ફરી પાછો પ્રથમ લીધેલો અક્ષર આવે ત્યારે બંધ કરવું. આ વખતે બરોબર ચોવીશ અક્ષરની નીચે મુજબ કવિત થશે. (સફલ મનોરથ થશે તમારો, સિદ્ધ ભગવંતને રદ યે ધારો) એમ જે જે જાતની ચોપાઇ અને તે ધાર્યા પ્રશ્નનો જવાબ સમજવો.

અનાનું પુર્વિ

અનાનું પુર્વિ ગણવાની રીત

જ્યાં ૧ છે ત્યાં નમો અરિહંતાણું બોલવું.
જ્યાં ૨ છે ત્યાં નમો સિદ્ધાંણું બોલવું.
જ્યાં ૩ છે ત્યાં નમો આયરિયાણું બોલવું.
જ્યાં ૪ છે ત્યાં નમો ઉવઝાયાણું બોલવું.
જ્યાં ૫ છે ત્યાં નમો લોએ સવ્વસાહુણું બોલવું.

એ રીતે ઉલટ પાલટ (અવળા સવળા) આંકડાથી પંદરના જંત્ર રૂપે સીતાવીશ કોઠા કરેલા છે તેને ઉપરની રીત પ્રમાણે ચિત્ત સ્થિર રાખીને પાંચ આડી લીટીએ પાંચ ઉભી લીંટીએ અને બે ઉપર નીચેના ખુણાભર ત્રીછી લીટીએ એમ દરેક કોઠાએ બાર બાર નવકાર ગણવાથી નવ કોઠે એક નવકાર વાળીનો અને સીતાવીશ કોઠે ત્રણ નવકાર વાળીનો લાભ મળે. ચિત્ત સ્થિર કરવા આ અતિ ઉત્તમ રીત છે.

૧	૨	૩	૪	૫
૩	૫	૨	૧	૪
૫	૧	૪	૩	૨
૪	૩	૫	૨	૧
૨	૪	૧	૫	૩

૧	૨	૩	૫	૪
૪	૩	૧	૨	૫
૨	૪	૫	૩	૧
૫	૧	૨	૪	૩
૩	૫	૪	૧	૨

૧	૨	૪	૫	૩
૨	૫	૩	૪	૧
૩	૪	૨	૧	૫
૪	૧	૫	[illegible]	૨
૫	૩	[illegible]	[illegible]	૪

૧	[illegible]	૪	૫	૨
૩	૨	૫	૧	૪
૫	૪	૩	૨	૧
૨	૫	૧	૪	૩
૪	૧	૨	૩	૫

૧	૩	૫	૨	૪
૩	૨	૪	૫	૧
૪	૫	૩	૧	૨
૫	૧	૨	૪	૩
૨	૪	૧	૩	૫

૧	૪	૩	૨	૫
૩	૨	૫	૧	૪
૫	૧	૪	૩	૨
૪	૩	૨	૫	૧
૨	૫	૧	૪	૩

૧	૫	૪	૩	૨
૩	૨	૧	૫	૪
૫	૪	૩	૨	૧
૨	૧	૫	૪	૩
૪	૩	૨	૧	૫

૨	૩	૪	૧	૫
૧	૫	૨	૩	૪
૩	૪	૧	૫	૨
૫	૨	૩	૪	૧
૪	૧	૫	૨	૩

૨	૩	૪	૫	૧
૪	૫	૧	૨	૩
૧	૨	૩	૪	૫
૩	૪	૫	૧	૨
૫	૧	૨	૩	૪

૨	૧	૪	૫	૩
૩	૪	૨	૧	૫
૧	૩	૫	૪	૨
૫	૨	૧	૩	૪
૪	૫	૩	૨	૧

૩	૨	૫	૧	૪
૧	૪	૩	૨	૫
૨	૫	૧	૪	૩
૪	૩	૨	૫	૧
૫	૧	૪	૩	૨

૩	૧	૫	૨	૪
૨	૪	૧	૫	૩
૪	૫	૨	૩	૧
૫	૩	૪	૧	૨
૧	૨	૩	૪	૫

૩	૧	૨	૫	૪
૧	૫	૪	૨	૩
૪	૨	૧	૩	૫
૨	૩	૫	૪	૧
૫	૪	૩	૧	૨

૩	૫	૧	૪	૨
૧	૨	૫	૩	૪
૨	૩	૪	૧	૫
૪	૧	૨	૫	૩
૫	૪	૩	૨	૧

૩	૪	૧	૫	૨
૧	૫	૨	૩	૪
૨	૩	૪	૧	૫
૪	૧	૫	૨	૩
૫	૨	૩	૪	૧

૪	૫	૨	૧	૩
૩	૨	૪	૫	૧
૫	૩	૧	૨	૪
૧	૪	૫	૩	૨
૨	૧	૩	૪	૫

૪	૩	૨	૧	૫
૨	૧	૫	૪	૩
૫	૪	૩	૨	૧
૩	૨	૧	૫	૪
૧	૫	૪	૩	૨

૪	૨	૧	૩	૫
૨	૩	૫	૧	૪
૫	૧	૨	૪	૩
૧	૪	૩	૫	૨
૩	૫	૪	૨	૧

૪	૨	૩	૫	૧
૩	૧	૨	૪	૫
૧	૪	૫	૩	૨
૫	૩	૧	૨	૪
૨	૫	૪	૧	૩

૪	૨	૫	૧	૩
૩	૫	૧	૪	૨
૧	૩	૨	૫	૪
૨	૧	૪	૩	૫
૫	૪	૩	૨	૧

૪	૧	૫	૨	૩
૫	૨	૩	૪	૧
૩	૪	૧	૫	૨
૧	૫	૨	૩	૪
૨	૩	૪	૧	૫

૫	૪	૩	૧	૨
૨	૩	૫	૪	૧
૪	૨	૧	૩	૫
૧	૫	૪	૨	૩
૩	૧	૨	૫	૪

૫	૪	૩	૨	૧
૨	૧	૪	૩	૫
૧	૩	૨	૫	૪
૩	૫	૧	૪	૨
૪	૨	૫	૧	૩

૫	૩	૨	૧	૪
૩	૪	૧	૫	૨
૧	૨	૩	૪	૫
૪	૧	૫	૨	૩
૨	૫	૪	૩	૧

૫	૩	૧	૨	૪
૪	૧	૫	૩	૨
૩	૪	૨	૧	૫
૨	૫	૩	૪	૧
૧	૨	૪	૫	૩

૫	૨	૩	૪	૧
૪	૧	૫	૨	૩
૨	૩	૪	૧	૫
૧	૫	૨	૩	૪
૩	૪	૧	૫	૨

૫	૧	૨	૩	૪
૩	૪	૫	૧	૨
૧	૨	૩	૪	૫
૪	૫	૧	૨	૩
૨	૩	૪	૫	૧

સ્તુતિ

લોગસ્સ ઉજ્જો યગરે, ધમ્મ તિથ્થ યરે જિણે,
અરિહંતે કિત્તઇ સ્સં, ચઉવી સંપિ કેવલી. ૧
ઉસભ મજિયં ચ વંદે, સંભવ મભિ નં દણંચ;
સુમઇંચિ પઉમ પ્પહં, સુપાસં....જિણંચ. ૨
ચંદ પ્પં હં વંદે...., સુવિહિંચ પુપ્ફ દં તં;
સીયલ સિજ્જંસં વાસુ, પુજ્જંચ વિમલ મણંતં. ૩

ચ જિણું ધમ્મં સંતિચ, વંદામિ કુંથું અરંચ;
મલ્લિં, વંદે મુણિ સુવ્વયં, નમિ જિણંચ વંદામિ. ૪
રિઠ્ઠ નેમિં, પાસંતહ, વદ્ધ માણંચ....;
એવં મએ અભિત્થુયા, વિહુય રયમલા. ૫
પહીણ જર મરણા, ચઉવિ સંપિ જિણવરા;
તિથ્થ ય રામે પસીયંતુ, કિત્તિય....વંદિય. ૬
મહિયા, જે એ લોગસ્સ, ઉત્તમા સિદ્ધા આરૂગં;
બોહિલાભં, સમાહિ વર, મુત્તમં....દિંતુ, ૭
ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુ અહિયં પયાસયરા;
સાગર વર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૮

ૐ

નમો અર્હંતસિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ શાધુભ્ય:

(૧) નવકાર મંત્ર.

રાગાદી અરિને હણ્યા, પ્રથમ પદે અરિ હંત,
બીજા સિદ્ધ પરમાત્મા, ભસ્મ કર્યા સવતંત. ૧
આચાર્ય પદ ત્રીજુ કહ્યું, છત્રીસ ગુણુનાધાર,
પાળી પદ્ધતિ શીખવે, અણુ ગારી આચાર. ૨
સુત્ર સિદ્ધાંત, સમજાવતાં, ઉપાધ્યાય કહેવાય,
જ્ઞાન તણા ખજાનચી, દાની દિલાવર રાય. ૩
મોહ માયા મમતા મૂકી, છાંડયો અસાર સંસાર,
આત્મ સાધના સિદ્ધ કરી, સફળ કરે અવતાર. ૪
એવા પંચ પરમેષ્ટી તે, નવકાર મંત્રનીમાંય,
શરણુ ગ્રહો હે ભવ્યજીવ, જેની શીતળ છાંય. ૫

(૨) વંદણા

વિનય ભાવથી ઉઠીને, વાંદુ છું આ વાર,
ભાવ પ્રદક્ષિણા આરાધતા, નમું નમું ત્રણ વાર. ૧
સત્કાર અને સન્માનથી, કલ્યાણ મંગળ દાતાર,
ધર્મ દેવ પ્રભુ આપને, નમુ, નમુ, ત્રણ વાર. ૨
ઉપાસના કરૂં આપની, જ્ઞાન તણા ભંડાર,
સેવા સેવકની શાંભળો, નમું નમું ત્રણ વાર. ૩

(૩) ઇરિયા વહાયા.

પાપ કર્મથી છુટવા, ઇચ્છું સ્વામિ નાથ,
ગમના ગમનને કારણે, થયા હોય જે પાપ. ૧
પ્રાણી બીજ લીલોતરી, ઠાર ઝાકળ શેવાળ,
માટી પાણી સચિત્તવળી, કરોળીઆની જાળ. ૨
એ સર્વ જે મેં જીવને, વિરાધના કરી હોય,
કચરીને કે દબાવીને, વળી પીડા કીધી હોય. ૩
એક બે ત્રણને ચાર વળી, પંચેન્દ્રી કોઈ જીવ,
ઢાંકયા કે મસળ્યા વળી, થકવી પડાવી રીવ, ૪
એ રીતે હીંસા થતાં, લાગ્યા હોય જે દોષ,
તે સર્વે નીષ્ફળ થવા, અતિ કરૂ અફસોસ. ૫

(૪) કાઉસગ્ગનો કારણુ અને આગાર.

પાપ કર્મ એ સર્વનું, પ્રાયશ્ચિત કરવા કાજ
માયા રહીત શુદ્ધ ભાવથી, કાઉસગ્ગ કરૂં મહારાજ. ૧
મન વચન કાયા સ્થીરે કરી, સાધૂ સમાધિ યોગ
નાશ કરો મમ પાપને, કરૂં અફસોસ અથાગ. ૨
*કુદરત કેરા કારણે, હલે શરીર જરીક
ઉંચા નીચા શ્વાસથી, ઉધરસ કે વળી છીંક. ૩
આવી જાય બગાસું કે, અ–પચાનો ઓડકાર
મુર્છા ચક્કર ફેર કે, વાયુનો સંચાર. ૪

---

* પુર્વના કર્મ.

દ્રષ્ટિ અંગ સંચાર કે, ગળાય લાળ કે લીંટ
એ સર્વે આગારની, કરી લઉ છું ભીંત. ૫

અભંગ રહે અવિચળપણું, આવે કષ્ટ હજાર
અરિહંત દેવનું સ્મરણ કરી, ન પાળું તેવાર. ૬

આધિ વ્યાધિ દૂરે કરી, મૌનપણે ધરૂં ધ્યાન
અશુભ વ્યાપારો થકી, છુટે આતમ રામ. ૭

(૫) ચઉવી સંથો

પ્રકાસ કરી આ લોકમાં, ધર્મ તીર્થ સ્થાપનાર,
પ્રથમ પદે અરિહંત તે, રાગાદી જીતનાર. ૧

ચોવીસ તીર્થંકર તણી, સ્તુતિ કરૂં આ વાર,
રૂષભ દેવ અજીત ને, વાંદું વાર હજાર. ૨

સંભવ અભિનંદન અને, સુમતિનાથ ભગવાન,
પદ્મ પ્રભુ સુપાર્શ્વજી, વલી ચંદ્ર પ્રભુ ગુણવાન. ૩

વિનય ભાવથી વાંદુ છું, સુવિધી શીતળ નાથ
શ્રેયાંસ વાસુ પુજ્ય ને, વલી વાંદુ વિમળ નાથ. ૪

અનંત જીનવર નાથને, ધર્મનાથ ભગવાન,
શાન્તિ નાથ ભગવાનને, વાંદુ કરી સન્માન. ૫

કુંથુ અર મલ્લિ નાથને, પ્રેમે વંદન થાય,
વંદન કરૂં મુનિ સુવ્રત અને, નમિ નાથ જીનરાય ૬

નેમીનાથ ભગવાનને, પાર્શ્વ નાથ પ્રભુ.
તથા વર્ધમાન સ્વામીને, મહાવીર પ્રભુ કહેવાય. ૭

એ રીતે મેં સ્મરણ કર્યું, કેવા છે ભગવાન,
ખપાવી કર્મરૂપી રજ મેલને, પામ્યા કેવળજ્ઞાન. ૮

જરા મરણનો ક્ષય કર્યો, ચોવીસે જીણંદ,
તીર્થ પ્રવર્તક હે પ્રભુ, મમ ઉપર થાઓ પ્રસન્ન. ૯

કિર્તન કરી વાંદી કરી, પુજું રાખી ખંત,
ઉત્તમોત્તમ આ લોકમાં, સાચા સિદ્ધ ભગવંત. ૧૦

આત્મ આરોગ્યતા કારણે, બોધો સ્વામિનાથ,
ધર્મ લાભ પ્રભુ આપજો, શ્રેષ્ઠ સમાધિ સાથ. ૧૧

ચંદ્રાધિક નિર્મળ થયા, સુર્યોધિક ઉજવળ,
સમુદ્રથી ગંભીર પ્રભુ, કાપી કર્મનાં દળ. ૧૨

સિદ્ધ ભગવંતજી સુણજો, અરજ કરે આ દાસ,
મોક્ષ મંદીરે પહોચવા, પુરો મારી આશ. ૧૩

વ્રત પચ્ચખ્ખાણ

શુદ્ધ ભાવે શુદ્ધ ચિત્તથી, વ્રત ગ્રહું આ વાર,
ગણી નવક્કાર ત્રણ વારને, ન પાળુ તે વાર. ૧

પાપ સહીત વ્યાપારનો, ત્યાગ કરવા હે પુજ,
બે ઘડી સામયિક વ્રત તણી, ઉપાસના સેવું જ. ૨

સેવું જ્યાં લગી નિયમને, જપ્યા કરૂં હું જાપ,
બે પ્રકારનાં કરણથી, કરૂં કરાવું ન પાપ. ૩

ત્રણ પ્રકારનાં યોગ તે, મન વચ ને વલી કાય,
થયેલ પ્રથમનાં પાપને, ક્ષમા કરો હે સાંય ૪

એ રીતે નીંદા તજી, નિવૃત થઇ ધરૂં ધ્યાન,
અશુભ વ્યાપારો થકી, છુટે આતમ રામ. ૫

નમોથ્થુણં યશોગાન

અરિહંત સિદ્ધ ભગવાનને, નમન કરૂં આ વાર,
અહો રાત સિદ્ધ ગુણ સેવતાં, ઉતારે ભવ પાર. ૧

નિજપણે બોધ પામીને, ધર્મ શરૂ કરનાર,
ચારે તીર્થો સ્થાપીને, કર્યો લોક ઉદ્ધાર. ૨

કુંજર ને વલી સીંહથી, અધિક છો બલવાન,
શ્રેસ્ટ કમલ સમ શ્રેષ્ટ છો, પુરૂષ મહી પરધાન. ૩

દીપક સમ પ્રભુ આપ છો, પ્રકાસના કરનાર,
ઉત્તમ લોકનાં નાથ છો, લોકનું હીત કરનાર. ૪

સંયમ રૂપી બોધ દઈ, શરણના દેનાર,
જ્ઞાન ચક્ષુ ખોલાવીને, અભય મોક્ષ દાતાર. ૫

ધર્મ રથનાં સારથી, ધર્મ નાયક ગુણગાન,
ધર્મ ઉપદેશક આપ છો, ધર્મ મહીં પરધાંન. ૬

સંસાર સમુદ્રની ખાડીમાં, પડતા બચાવો જીવ,
સત્ય પંથ બતાવીને, થાઓ શરણ રૂપ દીવ. ૭

ઘાતિ કર્મ રહીત છો, જ્ઞાન તણા ભંડાર,
ચક્રુવર્તી પ્રધાન વલી, દર્શન ધારણ હાર. ૮

રાગ દ્વેષ જીત્યા વલી, ખરે જીતાવન હાર,
તર્યા સંસાર સમુદ્રને, અન્યના તારણહાર. ૯

પોતે બોધ પામી કરી, થયા બુદ્ધ ભગવાન,
બીજાને બોધી કરી, કરાવે ધર્મનું ભાન. ૧૦

કાપ્યા બંધન નીજ તણા, બીજાના પણ કાપ.
સર્વજ્ઞ પ્રભુ આપ છો, સર્વ દર્શી પણ આપ. ૧૧
રોગ ઉપદ્રવને અંત રહીત, અક્ષય અવિચળધામ.
સિદ્ધ ગતિ પ્રાપ્ત કરનાર, પ્રભુ જીનેંદ્રને પ્રણામ. ૧૨
જન્મ મરણ. બાધા રહીત, નિર્ભયતાને સ્થાન.
સિદ્ધ સિલા પર વસે. નમન કરૂં ભગવાન. ૧૩

આલોવણ. સુદ્ધઃ—

હે પુજ્ય ઇચ્છું આપની, આજ્ઞાનુસાર આજ
અહોરાતનાં પાપનું, નિવારણ કરવા કાજ. ૧
એક સ્થળે બેસી કરી, સમતામાં એકતાર,
જ્ઞાન દર્શન ચારિત્રનાં, આલોઉ અતિચાર. ૨
જાણ પણે કે અજાણતાં, થયો અતિચાર ભોગ,
વિચારવાને કારણે, સાધુ સમાધિયોગ. ૩
જો મેં અહોરાત્રીમાં, અતિચાર સેવ્યો હોય,
મન વચનને કાયથી, વીપરીત વરતાણું હોય. ૪
જીન માર્ગ છોડી કરી, અન્યને પકડયો હોય,
નીંદક જેવી વસ્તુને, હર્ષે ભોગવી હોય. ૫
શ્રાવકને છાજે નહી, કર્તવ્ય કીધું હોય,
માઠું ધ્યાન ધરી કરી, ચીંન્તવણ આચરી હોય. ૬
કરવાનું બાજુ રહ્યું, ઇચ્છવા પણ નહીં યોગ્ય,
એવો મેં શ્રાવક થઇ, કર્યો હોય પ્રયોગ. ૭

જ્ઞાન દર્શન ચારિત્ર કે, સુત્ર વીષે લવલેશ,
સમતા રૂપ સામાયિકમાં, દોષ કર્યો વીશેષ. ૮

ત્રણુ પ્રકારની ગુપ્તિ તે, મન, વચ ને વળી કાય,
ક્રોધાદિક ગુપ્તિ થકો, સેવા હોય કષાય. ૯

અણુ ગુણુ શીક્ષણુ તણા, બારે વ્રતની મોઈ,
શ્રાવકનાં વળી ધર્મમાં, કર્યા દોશ જો કોઇ. ૧૦

વિરાધના કે ખંડીતથી, કર્યો હોય ઉતપાત,
કરૂણાવંત કૃપા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૧

બીજો આવશ્યક

ચોવી સંથા રૂપ સ્તુતિ

આદિ પ્રભુ સુણી અરજ આ, આપો અંતર જ્ઞાન.
તજું હીંસા હું જીવની, ગણીને નિજ સમાન ૧

અજીત, જીન, જીત્યા તમે, અષ્ટ કર્મનાં વૃંદ.
મુજથી એક મુકાવજો, મૃષાવાદનો ફંદ. ૨

સંભવનાથ સહાયથી, સેવું ન અદ-તાદાન
એહ પ્રતિજ્ઞા પાળવા, સહાય કરો ભગવાન. ૩

અભિનંદન વંદન કરી, માગું મુખથી એમ.
અબ્રહ્મચર્ય અનાદિનું, તજવા રાખું નેમ. ૪

સુમતિનાથ, સુમતિ દીઓ, તજું પરિગ્રહ પ્રેમ.
પુદ્ગલ રચના પારકી; હરખ શોક ધરૂં કેમ. ૫

પદ્મ પ્રભુ પ્રભાવથી, કરી ક્રોધને દૂર.
ક્ષમાવંત રહું ખંતથી, તજાય દોષ જરૂર. ૬

સુપાર્શ્વ સ્વામિ પસાયથી; મરડું માન અમીર.
અનંત કાળથી અહંપદે, ભોગવું ભવ જંજીર. ૭

ચંદ્રપ્રભુ ચિત્ત ચાહતાં, છૂટે માયા જાળ.
પ્રપંચ બધા પરલે થતાં, પ્રસરે મંગળ માળ. ૮

સુવિધિ સ્વામિ સેવતાં, ચિત્ત વરતે સંતોષ.
લોભ લાલસા લય કરૂં, જે છે મોટો દોષ. ૯

શિતળ જીન સહાય કરો, સેવું હું સમભાવ.
રાગ દ્વેષને પેસવા, કદિ ન ફાવે દાવ. ૧૦

શ્રેયાંસ આશા આપની, ટાળો આત્મ કલેશ.
અભ્યાખ્યાન પણ આજથી, તજાવશો લવલેશ. ૧૧

વાસુ પુજ્ય દીલે વસો, પૈશુન્ય પાપ તજાય.
પર પરીવાદને રઇ અરઇ, માયા મોસો જાય. ૧૨

વિમલનાથ વિનંતી કરી, માગું વિનય સહીત.
મિથ્યાદર્શન સલ્ય જઇ, પામું શુદ્ધ સમકીત ૧૩

અનંત અનંત પ્રભાવથી; આપો અવિચળ વાસ.
અષ્ટ કર્મ અરિ આકળાં, રહે ન તેનો ત્રાસ. ૧૪

ધર્મ ધુરંધર ધ્યાનથી, આશા રાખું એક
જ્ઞાના વરણી કર્મથી, છુટે પાટો છેક. ૧૫

શાન્તિ શાતા આપવા, છો જગના આધાર;
દર્શના વરણી કર્મથી, કરજો મુજ ઉદ્ધાર. ૧૬

કુંથુનાથ કૃપા કરી, આપો માગું આજ;
વેદની કર્મ નીવારજો, પામું સાતા સાજ. ૧૭

અરજ કરૂં અરનાથજી, કરો કૃપા કરૂણાળ;
મોહ પાસનાં બંધથી, છોડો દીન દયાળ. ૧૮

મલી જીણંદ મયા કરો, જનમ મરણ દુઃખ જાય;
આયુષ કર્મ નેં ટાળવા, માગું આપ સહાય. ૧૯

મુનિ, સુવ્રત, સુવ્રત, દઈ, કાપો નામ નીશાન;
ગોત્ર કર્મ તો કાપસે, નમિનાથ ભગવાન. ૨૦

અંતરાય અલગ થતાં, ફાવે સઘળા દાવ;
નેમ પ્રભુજી આપસો, ત્રી રત્ન શુભ લાવ. ૨૧

પાર્શ્વ પ્રભુ પ્રભાવથી, પ્રગટે પુન્ય પ્રતાપ;
રાગ દ્વેશ દૂરે થતાં, મટે સર્વ સંતાપ. ૨૨

શ્રી વર્દ્ધમાન વર્દ્ધિ કરો, સર્વ સ્થાન સમ ભાવ;
આપ તણો ઉપદેશ તે, ભવ દધિ તરવા નાવ. ૨૩

ભાવે ભાવના ભાવતાં, નિર્જરે કર્મ જરૂર;
આત્મ શક્તિ ઉદય થતાં, નથી મોક્ષ કંઈ દૂર. ૨૪

ભવ્ય, જીવ, જીન, જાપથી, તજીએ પાપ અઢાર;
અષ્ટ કર્મ અરિ ભય થકી, મુકાવે નિરધાર. ૨૫

ત્રીજો આવશ્યક

વંદણા

ઇચ્છું ક્ષમાવંત સાધુને, વંદન કરવા કાજ
અશુભ જોગનો શક્તિએ, નિષેધ કરી મહારાજ. ૧

મુજ થકી અમર્યાદમાં, અશુભ જોગ જો થાય
કલેશ કર્યો જો કાયથી, કરો ક્ષમા પ્રભુ રાય. ૨

કિલામ ના ગઈ આપની, બહુ સુભ યોગે રાજ
દિવસ બધો ચાલ્યો ગયો, તીર્થરૂપ મહારાજ. ૩

ઇન્દ્રી તણા વિકારને, જીત્યા શક્તિ સાથ
રાગ દ્વેષ રૂપ કષાયથી, મુક્ત થવા હે નાથ. ૪

આપ તણો આ દિવસમાં, થયો કંઇ અપરાધ,
ખમાવું છું આપને, ક્ષમાવંત સુ સાધ. ૫

દિન સબંધી સુસાધુની અસાતનાં અતિચાર
આવશ્યકમાં જો થયો દોષ તો, નિવૃત થઉં આવાર. ૬

મન વચન ને કાયથી, વર્ત્યો માઠી રીત
ક્રોધાદિક કષાયથી, કોઇ કાળે કરી પ્રીત ૭

એ સર્વે ખોટી રીતથી, ધર્મ કરણી મોઝાર
અશાંતના કીધી કદી, નીંદુ વાર હજાર. ૮

જે જે મેં દિવસ મહીં, કર્યા અતિચાર પાપ
તે સરવેને ટાળવા, નિવૃત થઇ જપું જાપ. ૯

ક્ષમાવંત સુ સાધુજી, શરણુ કરો સ કામ
અશુભ વ્યાપારો થકી, છુટે આતમરામ. ૧૦

ચોથો આવસ્યક.

વ્રત અતિચારની આલોણા.

૧—આજના દિવસ વિષે, લાગ્યો કોઈ અતિચાર,
જ્ઞાન દર્શન ચારિત્રને, તપ તણો વિચાર. ૧
સુત્ર અને સિદ્ધાંન્તનાં, પ્રરૂપ્યા ત્રણ પ્રકાર,
એવા સુત્ર આગમતણાં, ચોદ કહ્યાં અતીચાર. ૨
જાણો પણ આચરો નહીં, આચર્યે દોષ અતિચાર,
કેવા તે અતિચાર છે, કહું છું વિગત વાર. ૩
પ્રથમ તો અવહેલના, સુત્ર સિદ્ધાંતની થાય,
ધ્યાન વિના ભણાય તે, બીજી કસુર ગણાય. ૪
ઓછે કે અધિકથી, પદ અક્ષરે અતિચાર,
વિનય રહીત ગુપ્તિ થકી. અસુદ્ધ કરે ઉચ્ચાર. ૫
અવનિત જનની આગળે, જ્ઞાન ગોષ્ટી થાય,
દૂર ઉપીયોગ સીધાંન્તનો, દુષ્ટ રીતે ભણાય. ૬
અકાળ વખતે આદરે, ખરે વખતે નહીં થાય,
અપવીત્ર જગ્યાએ કદી, સુત્ર સિંદ્ધાત ભણાય. ૭
પવિત્ર જગ્યા હોય પણ, કરે નહીં સઝાય,
એ રીતે સર્વે ભલી, ચૌદ અતિચ ર ગણાય. ૮
એ સર્વે દોષો મહિલો થયો મુજ થકી કોય,
કે, કો, જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૯
કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ,
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૦

સમકિત અતિચારની આલોણા

૨–દર્શન ને સમકિત્તના, ખરા અર્થ પીછાન.
સારી દ્રષ્ટીએ કરો ખરા અર્થનું પાન. ૧

સમકિત્તની શ્રદ્ધા કરો, રહે નહીં કંઇ ખોડ
અસમકિત્તી.ને વલી, વંઠેલને પણ છોડ. ૨

એવા સમકિત્તી શ્રાવકો, સાધુ તણા જેસંત.
આવસ્યક અહો નીશ કરે, રક્ષા, કરે,જીવ જંત. ૩

સમકિત્ત ના જે દોષ છે, કહું પાંચ અતિચાર;
જાણુ પણ આચર નહીં, સારા સાર વિચાર. ૪

સમકિતીનાં ભાવમાં, શંકા જો કરાય;
મિથ્યાત્વીના માર્ગની, આકાંક્ષા વળી થાય ૫

શુભ કરણીને સેવતાં, ફળનો સંદેહ જાણુ;
કરી સંગ પાખંડીનો, જો પાખંડ વખાણુ. ૬

એ પાંચે દોષો મહેલો, થયેઃ મુજ થકી કોય;
કે, કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૭

કરતાને રૂડું ગણી, ખામી હોય જો થાપ,
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૮

(૧) અહીંસાના અતિચારના આલોણા

૩–વ્રત પહેલું અહીંસા તણું, હીંસાથી રહુ દૂર;
કોઇ ગતીનાં જીવ પર, કદી ન થાઉ ક્રૂર; ૧

જ્ઞાન રહીત જે જીવ છે, કદી અપરાધી જાણ;
તો પણ જાણી જોઇને, હણવાનાં પચખાણ ૨

હણું હણાવું કદી નહીં, મન વચથી કે કાય
વ્રત એહું હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૩

એવા અહિંસા વ્રત મહીં, ગણાય પાંચ અતીચાર
જાણ પણ આચર નહીં, સારા સાર વિચાર. ૪

બંધન કરવું કોઇને, તાડ ન જો કદી થાય
કે, કો પ્રાણી જીવનાં, અવયવ જો છેદાય ૫

ગજાની ઉપરાંત જો, બોજો ઉપાડાવાય
કે ભોજન કરતા થકા, ગર્વે અટકાવાય. ૬

એ પાંચે દોષો માંહેલો, થયો મુજ થકી કોય;
કે, કો, જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૭

કરતાને રૂડું ગણી, બાંધી હોય જો થાપ;
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૮

(૨) સત્યના અતિચારની આલોચણા

૩—સત્ય વ્રત આજુ એહુ, અસત્યથી રહું દૂર
તે અસત્ય કેવું રહ્યું, સમજી લેવું જરૂર. ૧

ઢોર ઢાંખર જમીન કે, થાપણ જો ઓળવાય
કે કન્યાનાં સબંધમાં, અસત્ય કદિ ના વદાય. ૨

ખોટી સાક્ષી ન આપવી, ઇત્યાદીક પ્રમાણ
એવું જુઠું નહીં બોલવા, કરી લઉ છું પચખાણ. ૩

બોલું બોલાવું નહીં જુઠ હું, મન વચથી કે કાય
વ્રત ગ્રહુ હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૪

એવા સત્ય સુવ્રત મહીં, ગણાય પાંચ અતિચાર
જાણુ પણ આચર નહીં, સારા સાર વિચાર. ૫

પડે ધ્રાસકો એહવું, કટુ વચન બોલાય.
અન્ય કેરા મરમને, હાસ્યથી ખોલાય. ૬

નીજ નારીના મરમ પણ, જો કદી પ્રગટાય
ખોટો ઉપદેશ અપાય કે, ખોટા લેખ લખાય ૭

એ પાંચે દોષો માંહેલો, થયો મુજ થકી કોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૮

કરતા ને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૯

(૩) અદત્તાના અતિચારની આલોણા

૫–વ્રત ત્રીજું અસ્તેયનું, ચોરીથી રહુ દૂર
અણ દીધું કર્યે નહીં, કર અસ્તેય ચકચૂર. ૧

પાડું ન ખાતર હું કદી, કોઇની છોડું ન મોટ
અન્યના તાળાં તોડતાં, વ્રતમાં આવે ખોટ. ૨

દીઠી વસ્તુ કોઇની, ધણીને કર જાણ
ઇત્યાદીક અસ્તેયના, કરી લઉ છું પચખાણ. ૩

કરૂં કરાવું નહીં કદી, મન વચથી કે કાય
વ્રત ગ્રહું હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૪

એવા અસ્તેય વ્રત મહી, ગણાય પાંચ અતિચાર
જાણુ પણ આચર નહી, સારા સાર વિચાર ૫

ચોરાઉ વસ્તુ ખરીદીને, મદદ ચોરને થાય
રાજ્ય કાનુન તોડીને, હાણુ ચોરી જો થાય. ૬

ખોટાં માપ કે કાટલે, વિશ્વાસઘાત કરાય
સારી વસ્તુ બતાવીને, ખરાબ જો અપાય ૭

એ પાંચે દોષો માંહેલો, થયો મુજ થકી કોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૮

કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૯

(૪) શિયળના અતિચારની આલોણા

૬—વ્રત ચોથું શિયળ તણું, મૈથુન દૂર કરાય
નીજ નારીને સંતોષવાં, ઉદાસીનપણે વરતાય. ૧

પણ નિત્ય નિત્યે સેવતાં, વ્રતમાં ત્રુટ ગણાય
માત્ર પ્રજોત્પતિ કારણે, અહનિશ કેમ વરતાય. ૨

સંસારી શ્રાવક તણું, સીલ વ્રત આ ગણાય
અન્યને માતા સમજવી, જેવી જનેતા થાય ૩

કરી ઇચ્છા સંગ તીર્યંચની, વ્રતમાં થાશે હાણુ
એ રીતે મૈથુનના, કરી લઉં છું પચખાણુ. ૪

સેવું સેવરાવું નહી કદી, મન વચથી કે કાય
વ્રત ગ્રહુ હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૫

એવા મૈથુન વ્રત મહી, ગણાય પાંચ અતિચાર
જાણુ પણ આચર નહીં. સારા સાર વિચાર. ૬

નીજ નારી પણ ઉમર નહીં ઉપયોગ જો કદી થાય
વળી લગ્ન થયા આગળે, ગમન કેમ કરાય. ૭

હસ્ત ક્રીયા થાય કે, કુદરત વિરૂદ્ધ વરતાય
તીવ્ર અભિલાષા જો કામની, વ્રતમાં હાની ગણાય. ૮

એ પાંચે દોષો મહિલો, થયો મુજ થકી કોય.
કે, કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૯

કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ.
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૦

(૫) પરિગ્રહના અતિચારની આલોણા

૭–પાંચમું વ્રત પરિગ્રહ તણું, કરૂં પરીગ્રહ પ્રમાણ
ખેતરવાડી ઘર અને, જમીનની વળી ખાણ. ૧

હીરામાણેક મોતી વળી, સોના ચાંદી રૂપ ધન
અનાજ કઠોળ કે વસ્તુનું, પ્રમાણ કરે, સજ્જન: ૨

ઢોર ઢાંખર નોકરવળી, જરૂર જોઈતી ચીજ
યથાશક્તિ પ્રમાણ કર સંતોષ થાય નકી જ ૩

વિગતવાર વિસ્તારથી, મનથી કરી પ્રમાણ.
એરીતે પરિગ્રહ તણા, કરી લઉ છું પચખાણ. ૪

કરૂં ઉલંઘન નહી કદી, મનવચથી કે કાય
વ્રત ગ્રહું હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૫

એવા પરીગ્રહ વ્રત મહી, ગણાય પાંચ અતિચાર
જાણ પણ આચાર નહી, સારા સાર વિચાર ૬
ઘર વખરી જર જમીનને, ઢેંર ઢાંખર પ્રમાણ
કે નોકરની મર્યાદમાં, ઉલંઘતા છે હાણ. ૭
એ પાંચે દોષો મહિલો, થયો મુજ થકી કોય.
કે, કોં જનની આગળે મર્યાદા તોડાવી હોય ૮
અજાણ પણે પણ જો કદી ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૯.

(૬) દીશીવૃતના અતિચારની આલોણા

૮—ગુણ વ્રત જે ત્રણ છે, દીશી વ્રત પ્રમુખ
છએ દીશ વહેવારમાં, બાંધું હદ અમુક. ૧
હદ ઉપર ઇચ્છા થકી, તોડું નહી પ્રમાણ
પાંચે આશ્રવ નહી સેવવા, કરી લઉં છું પચખાણ. ૨
કરૂં ઉલંઘન નહી કદી, મન વચથી કે કાય
વ્રત ગ્રહું હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૩
એવા દીશી વ્રત મહીં, ગણાય પાંચ અતિચાર
જાણ પણ આચર નહી, સારા સાર વિચાર. ૪
ઉંચી નીચી ને તીરછી, દશની હદ ઓળંગાય
કે કોઇ દીશા તણી, વધઘટ જો કદી થાય. ૫
પ્રમાણ સંદેહ પડયા છતાં, આગળ જો જવાય
એ રીતે વર્તણુંક થતાં, વ્રતમાં હાની ગણાય. ૬

એ પાંચે દોષો માંહિલો, થયો મુજ થકી કોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય ૭
કરતાંને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૮

(૭) ભોગ ઉપભોગ અતિચારની આલોયણા

૯—ગુણ વ્રત બીજું કહ્યું, શ્રાવી નીવારણ કાજ
ભોગ ઉપભોગ વસ્તુ તણી, બાંધી લમએ પાજ. ૧
અંજન મંજન મર્દન અને, નાવણ ધોવણ કાજ
વસ્ત્ર વિલેપન વલી, પુષ્પ અને પુખરાજ. ૨
ધુંપ ધુંવાડો વલી, ઓખડ કે ક્વાથ
સુખડી આદિ મીઠાઇને ધાન ધુનની જાત ૩
રસકસ ને લીલોત્રી, મેવાની વપરાસ
ખાવા પીવાની અને, કરવાની મુખવાસ. ૪
ગાડી લાડી વાડીને, ઘોડા જોડા કાંય
પલંગ સેજા આદિની જરૂર મર્યાદ કરાય. ૫
ખાવા પીવાની કદી, સચેત વસ્તુ હોય
લુણ હીંગ ગુંદર અને, ફળ ફલાદિ કોય. ૬
એ સર્વે વસ્તુ તણી, છવીસ જાત ગણાય
પ્રમાણ સર પ્રતિજ્ઞા કરી, વિસેષ કેમ ભોગવાય. ૭
એકજ વાર ભોગવાય તે, ધાનધુનની જાત
વારંમવાર ભોગવાયતે, જર જેવરની ભાત. ૮

વાપરવા કે સેવવા, જે જે કર્યું પ્રમાણુ
ભોગ નીમીતે ન ભોગવા, કરી લઉ છું પચ્ચખાણુ. ૯

કરૂં ઉલંઘન નહી કદી, મન વચથી કે કાય
વ્રત ગ્રહું હું ભાવથી, જ્યાં સુધી જીવાય. ૧૦

ઉપભોગના પરી ભોગના, વીસ અતિચાર ગણાય
ભોજન અને વેપારના, એમ બે રીતે વર્ણવાય ૧૧

પ્રથમ ભોજનના કહું, જે જે પાંચ અતિચાર
જાણુ પણુ આચર નહીં, સારા સાર વિચાર. ૧૨

પ્રથમતો સચેતની, કરી હોય મર્યાદ
વિસ્મર્ણ જો કદી થાય તો, દોષ આવે નિર્વીવાદ ૧૩

સચેત તો ખાતા નથી, પણુ વળગેલ ખવાય
અવહેલનાં થઇ સચેતની બીજો દોષ ગણાય. ૧૪

ત્રીજો અધ કાચું અને, ચોથે ભડથા ખાય
ખાધું થોડું બગાડયું ઘણું એ પાંચમો દોષ ગણાય. ૧૫

હવે કહું વ્યાપારના, પંદર જે અતિચાર
તે પણ જાણી રાખીએ, પાપ ન આવે લગાર. ૧૬

ભઠીઆરાનો ને વલી, જંગલ કાપ્યાં ઝાડ
દારૂ તણા વેપારને, સોડ કર્યા બહુ કાળ. ૧૭

બળદ ગાંડાં ઘોડા અને, ઘર સ્થળ આદિ કાંય
ભાડાં ખાવા કારણે, વેપાર કેમ કરાય. ૧૮

વળી વેપારના કારણે, વાવ કુવા કે ખાણુ
ખેડ આદિ સંભારજો, અ વે વ્રતમાં હાણુ ૧૯

હાડ ચામ કે વાળનો, માંસ મદીરા કાંય
કરે વેપાર જો શ્રાવકો, નીશ્ચે નરકે જાય. ૨૦

લાખ જોગણી કે ગુંદનો, કરવો નહિ વેપાર
સોમલ આદિ ઝેરનો, કરતા થાય અતિચાર. ૨૧

ચીંચોડા દી યંત્રનો, વેપાર કીધો હોય
કુવા કે તલાવ વલી, ઉલેચાવ્યા હોય. ૨૨

આ જીવીકા કારણે, નાક કાન છેદાય
દાવાનળ લગાવીને, મહાપાપી કેવાય. ૨૩

હીંસક પ્રાણી પોષીને, કદી કર્યો વેપાર
પાંચ અને પંદર મલી, વીસ થયા અતિચાર. ૨૪

એ કોઇ દોષો માહીલો, થયો મુજ થકી કોય
કે, કો, જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૨૫

કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૨૬

(૮) અનર્થાદંડ અતિચારની આલોણા

૧૦–ગુણ વ્રત ત્રીજું કહ્યું, સમજો રાખી ખંત
અર્થ. વિનાના દંડથી, છુટાએ નિશ્ચીંત. ૧

અર્થ વિનાના દંડના, ચાર પ્રકાર ગણાય
મીઠું ધ્યાન ધરાય કે, પ્રમાદ જો કરાય. ૨

અણ ઉપયોગી શોખથી, શસ્ત્ર ઘણાં રખાય
કે. ખોટો ઉપદેશ જો, હાસ્ય થકી અપાય. ૩

એ ચાર પ્રકારી દંડ તે, છોડું રાખી ખંત
વ્રત ગ્રહું હું ભાવથી, રહુ જ્યાં સુધી જીવંત ૪
સેવું સેવરાવું નહી કદી, અનર્થ દંડ જ્યાં થાય.
સકામ નિર્જરા કારણે, મન વચથી કે કાય. ૫
એવા અનર્થા દંડના, ગણાય પાંચ અતિચાર
જાણુ પણુ આચાર નહીં, સારા સાર વિચાર ૬
વિષય વાસનાં ઉદ્દભવે, એવી ચેસ્ટા જો થાય
કોઇ જીવને બીવરાવવા, રૂપરૂંપાંતર થાય. ૭
બોલે મીઠું મુખ થકી, વરતે જુદી રીત
અણુ ખપ સસ્રો સંગ્રહુ કર્યે, દોષ આવે ખચીત. ૮
ઉપભોગ, પરી ભોગ માટ, અધિક સંગ્રહુ થાય
અનર્થા દંડનાં બંધથી, છુટકારો કેમ થાય. ૯
એ પાંચે દોષો માંહેલાં, થયો મુજ થકી કોય
કે, કો જનની આગળે, કર્યા કરાવ્યો હોય. ૧૦
કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૧

સામાયિકના અતિચારના આલોણા

૧૦—શિક્ષણ વ્રત શ્રાવક તણા ચાર વ્રત ગણાય
તેમાં મુખ્ય સામાયિકને નિત્ય નિત્ય અદરાય. ૧
પાપ માત્ર વ્યાપારથી, નિવર્તવા ને કાજ
બે ઘડીનાં વખતની, બાંધી લઉ છું પાજ. ૨

જ્યા સુધીનો નિયમ છે, ધર્મ કર્મ જ થાય
કરૂં કરાવું નહી પાપ હું મન વચથી કે કાય ૩
એ રીતે સુદ્ધિ કરી, આણી અંતર ભાવ
કરો સામાયિક ભાવથી, ભવ તરવાનું નાવ. ૪
એવા સામાયિક વ્રત મહી, ગણાય પાંચ અતિચાર
જાણુ પણ આચર નહી, સારા સાર વિચાર. ૫
મન વચન કે કાયથી, માઠી રીત વર્તાય.
સમતારૂપ સામાયિકમાં, હાની અત્યંત થાય. ૬
ભાન ન રાખે વ્રત તણું, અશુભ જોગ સ્હેવાય.
વલી વખત પુરા વીના, ઝટ ઝટ આટોપાય. ૭
એ પાંચે દોષો માંહિલો, થયો મુજ થકી કોય.
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૮
કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ.
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૯

(૧૦) નિત્યદીશી પ્રમાણના અતિચારની આલોણા

૧૨–શિક્ષણ વ્રત બીજું કહું, દેસાવગાસિક વ્રત.
ભાવપુર્ણ જો આદરો, લાભ મળે અક્ષત. ૧
પુર્વાદિક છ દિશામાં, રાખો જેટલી છુટ
તે ઉપરાંત ઇચ્છા થકી, આશ્રવ સેવ્યે ત્રુટ ૨
પ્રતિદીન આ વ્રતને, પ્રભાત થકી અદરાય.
સાઇઠ ઘડીનાં વખતનું, બંધન કરી લેવાય. ૩

કરૂં ઉલંઘન નહી કદી, જબલગ વ્રત સોહાય.
કે કરાવું નહી અન્યથી, મન વચથી કે કાય. ૪

વલી એ છએ દીશમાં, બાંધી જેટલી હદ.
તેમાં અમુક વસ્તુ તણો, કરી લેવો પ્રતિબંધ. ૫

કર્યો પ્રતિબંધ જેટલો, તે ઉપરાંત કદી કાંય.
ઉપભોગ પરીભોગ રીત, ઈચ્છીત ન ભોગવાય. ૬

સાઈઠ ઘડીનાં નીયમમાં, કરૂં ન દોષ હું કાય.
મન વચન કે કાયથી, પ્રાણ ભલે કદી જાય. ૭

દેસાવગાસિક આ વ્રતના, ગણાય પાંચ અતિચાર.
જાણ પણ આચર નહી, સારા સાર વિચાર.

હદ બાંધ્યા ઉપરાંતથી, વસ્તુ મંગાવાય
કે કદી મોકલાય તો, વ્રતમાં દોષ ગણાય. ૯

સાન સાદ કે કાંકરે, કોઈને બોલાવાય
હદ ઉપરાંત જો હોય તો, તે પણ દોષ ગણાય. ૧૦

એ પાંચે દોષો માંહીલો, થયો મુજ થકી હોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૧૧

કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૨

(૧૧) પોષધ વ્રતના અતિચારની આલોણા

૧૩ ત્રીજા શિક્ષણ વ્રતમહીં, આત્મધ્યાન પોષાય
સાઈઠ ઘડી સાધુપણે, આતમ સુદ્ધિ થાય. ૧

ખાસ નિયમ એવો નથી, અમુક જ દિવસે થાય
પણ બહુધા આઠમ પખી, વહેવારમાં લેવાય. ૨

વ્રત આદરવા આગળે, સુદ્ધ થવાને કાજ
ચારે આહારને ત્યાગીયે, વલી જર જેવરનો સાજ. ૩

અસ્ત્ર સસ્ત્ર વ્યાપારનો, ત્યાગ કરો ખચીત
વિલાસ અને મૈથુનની, છોડી દેવી પ્રીત ૪

એ રીતે સુદ્ધિ કરી, પરૂ પણુ જો થાય
અવસર આવ્યે પોષો કરો, આત્મધ્યાન સધાય. ૫

સાઇઠ ઘડી કે જ્યાં સુધી પોષણુ વ્રત સેવાય
કર્યો ત્યાગ જે વાતનો ઇચ્છા કેમ કરાય. ૬

કરૂં કરાવું નહીં કદી, ત્યાગ તણો હું ભંગ
મન વચન કે કાયથી, મનમાં રાખી ઉમંગ. ૭

આપણુ વ્રતમાં થાય છે, પાંચ રીત અતિચાર
જાણુ પણુ આચર નહીં, સારા સાર વિચાર. ૮

જોયા કે તપાસ્યા વીન, પડીલેહણુ કરાય
કે પડીલેહણુ કરતાં કદી, માઠી રીત વર્તાય ૯

સુવાની જગ્યા વલી, જોયા વીના પુંજાય
પુંજ્યાની વીધી કદી, માઠી રીતે થાય. ૧૦

હાજતી, જે માતરૂં, અઘોચરે પરઠાય
એ રીતે પોષધ મહીં, ભલી રીત ન વરતાય. ૧૧

એ પાંચે દોષો માંહેલો, થયો મુજ થકી કોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૧૨

કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ

(૧૨) સાધુજીની અસાતનાના અતિચારની આલોણા

૧૪–ચોથા શિક્ષણ વ્રતમહી, અહારમાં કર ભાગ
સુપાત્ર સુ સાધુ તણો, સુભાગ્યે મળતા લાગ. ૧
અચેત અને નિર્દોષ જે, અનપાણી મુખવાસ
ઉપરાંત શક્તિ હોય તો, વસ્ત્ર કમળ પણ ખાસ ૨
માત્ર સેવા કારણે જે જે વસ્તુ અપાય
પાગરણ ને પાત્ર જે, પાછી પણ લેવાય ૩
વલી જરૂરત હોય તો, ઓસડ પણ અપાય
એ રીતે અનેક રીત, સાધુ સેવા થાય. ૪
સુપાત્ર સાધુજી તણો, કદાચ મળે નહી જોગ
તો પણ અંતર ભાવીએ, રાખી શોશઅથોગ. ૫
મન વચનને કાયથી, ઉદાસી ન રાખો ભાવ
અતિથીના જોગનો, તો પણ મળશે લાવ ૬
સંવી ભાગ રૂપ વ્રતમહીં, ગણાય પાંચ અતિચાર
જાણુ પણુ આચાર નહી, સારા સાર વિચાર. ૭
સચેત કે મીશ્રણુ કરી; અચેત કહી દેવાય
વલી સચેતનાં સ્પર્શ થકી અસુદ્ધ થઇ ગણાય. ૮
કાળ વ્યતીત થવા થકી, બગડો વસ્તુ દેવાય
પરોપકાર કરવા કદી, અન્યને કહી દેવાય. ૯

દીધું દાન શ્રદ્ધા થકી, પણ થાય કદી અહંકાર
એ પાંચ રીત વરતાય તો, લાગે દોષ અતિચાર. ૧૦
એ પાંચે દોષો માહેલો, થયો મુજ થકી કોય
કે, કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૧૧
કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૨

સાગારી સંથારો

૧૫–નિંદ્રા લેવા આગળે, વૃત લઈ સુવાય
સુગતિનાં કારણે, ઉત્તમ રીત ગણાય. ૧
પ્રથમ પંચ પરમેષ્ટીનું, ધરવું અંતર ધ્યાન
સ્થિર ચીતે કાઉસગ કરી, કરવા પ્રત્યાખ્યાન. ૨
આહાર સરિરને ઉપધી, પચ્ચ ખુ, પાપ અઢાર
કાળ આવે જાવ જીવ, જીવું તો આગાર. ૩
સાગરી સંથારનાં, ગણાય પાંચ અતિચાર
જાણુ પણ આચર નહીં, સારા સાર વિચાર. ૪
ઈહ લોક કે પર લોકમાં, સુખની વાંચ્છના થાય
સુખમાં અધિક જીવ્યા તણી, વલી દુઃખમા મરણ ઇચ્છાય ૫
પાંચે ઈંદ્રીયના વિષયમાં, લુબ્ધપણે રહેવાય.
ઉત્તમ ભાવનો લય થતાં, વૃતમાં ઉણપ ગણાય. ૬
એ પાંચે દોષો મહીં, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૭

અઢાર પાપ સ્થાન

પાપ આશ્રય દ્વારનો ગણાય કુલ અઢાર
સેવ્યા હોય જો કાંઇ મેં આલોઉં આવાર. ૧

હીંસા ચોરી જુઠને મૈથુન ચોથું ગણાય
સંગ્રહ કરે નિષ્કામનો પાંચે મહાન ગણાય. ૨

ક્રોધ માન માયા અને લોભ રાગ ને દ્વેષ
કલંક ચડાવી કોઇને કરીએ નાહક કલેસ. ૩

ચાડી કે ચુગલી કરી પરકી નીંદા થાય
અહંકારમાં ખુશી થઇ દુ:ખમાં દીલગીર થાય. ૪

કપટ સહી તે જો કરી જુઠ વચન વદાય
અંધશ્રધાળુ થવું એ અઢાર પાપ ગણાય. ૫

એ અઢાર દોષો માંહેલો થયો મુજ થકી કોય
કે કો જનની આગળે કર્યો કરાવ્યો હોય. ૬

કરતાને રૂડું ગણી ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી નિષ્ફળ કરજો પાપ. ૭

પચીસ મિથ્યાત્વ

ખરૂં ખોટું જાણ્યા વીના ખોટું પકડે મુંઢ
શુદ્ધ મત શોધ્યા વીના મત માને સો શુદ્ધ. ૧

ખોટું છે જાણ્યા છતાં મુકતાં જો સરમાય
શુદ્ધ મન જાણ્યા પછી શંકા કેમ કરાય. ૨

સાચા કે જુઠા તણું રાખે નહિ જો ભાન
હીંસાને પણ ધર્મ કહી કરે બહુ સન્માન. ૩

ચીત્રેલ કે ઘડેલ જે જડ વસ્તુ ગણાય
પરમાત્મા રૂપ ચેતન ગણી પ્રેમે પુજા થાય ૪

ત્રણસો ને ત્રેંસઠ મત પાખંડી જણાય -
માને વચન એ મત તણા મીથ્યાત્વ ગણાય. ૫

નિરાકારી જે અગમ્ય છે, દ્રશ્ય કદી નવ થાય
તાંદુલ કે અંગુષ્ટસમ, પ્રમાણ કેમ અપાય. ૬

જીવ વ્યાપક આ જગતમં, દેખો ઠામો ઠામ
જીવ શીવ રહે સાથમાં, શીવગતનું શું કામ. ૭

દયામય જે ધર્મ છે અધર્મ કેમ કહેવાય
હીંસાને પણ દયા ગણી, ધર્મ બોધ દેવાય. ૮

જીવનેં અજીવ કહે, વળી અજીવને કહે જીવ
સાચાને ખોટું કહે, કયાંથી મળશે શીવ. ૯

કંચન કામીની તણો, જ્ઞાન સહીત કરે ત્યાગ
એવા સાધુને નીંદતા, સમકીત જાસે ભાગ ૧૦

કંચન હો કે કામીની, એકનો પણ કરે સંગ
એવા નરને વાંદતાં, મીથ્યાત્વનો છે ઢંગ. ૧૧

કર્મ રહીત જે શીવ છે, તેને ગણે જો જીવ
વળી કર્મ સહીત જે જીવ છે, તેને કહેવો શીવ ૧૨

વિનયને માને નહીં, માને નહી સંયમ.
કરે અશાતના ગુરૂ તણી, અજ્ઞાન ગણે ઉત્તમ ૧૩

એ પચીસ પ્રકારી મીથ્યાતનો, કર્યો દોષ મેં કોઇ
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૧૪
કરતાને રૂડું ગણી, ખાધી હોય જો થાય.
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૧૫

ચૌદ પ્રકારની. સમુછીમ જીવં.

સમુછીમ જીવ જે ઉદભવે, ચૌદ ગણ્યા પ્રકાર
માનવ દેહનાં સબંધથી, આલોઉ આ વાર. ૧
દીર્ઘ લઘુ શંકા મહી, થુંક અને લીંટમાંય
વમન પીત પરૂ અને, રૂધીરમાં પણ થાય. ૨
વિર્ય સુક પુદગળ મહીં, વળી રતિ ક્રીડાને કાળ
જીવ રહીત મુડદા મહીં, વળી નગરમહીં જ્યાં ખાળ ૩
છેલ્લે પરસેવો કહું, એ ચૌદ સ્થાન ગણાય.
તે, તે સ્થાનના જીવને, અજાણપણે હણાય. ૪
એ ચૌદ પ્રકારનાં સ્થાનમાં, લાગ્યું હોય કંઇ પાપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૫

સાંગલિક

લોક મહીં માંગલિક અને, ઉતમ શરણાચાર
સુભ ઉદયથી સાંપડે, સ્મર્ણ કરૂં આ વાર. ૧
વિતરાગી પણે વીચરે, કેવળી ભગવાન
બીજા સિદ્ધ પરમાત્મા, વળી સાધુજી ગુણવાન. ૨

તિર્થંકર ભગવાનનો, પરૂં પેલો જે ધર્મ
ચારીત્રમાં ઉતારતાં, છુટી જાશે કર્મ ૩

ભવસાગરથી ઉગરે, પામે અનંતુ સુખ
જીવમાંથી શીવ થતાં, નાશી જાય સૌ દુઃખ. ૪

એવા ધર્મને શેવીયે, ધર્મના ચાર પ્રકાર
દાન, શિયળ, તપ ભાવનાં, પંચમ ગતિ દાતાર. ૫

અભય દાન સહુ પ્રાણીને, સમભાવે અપાય
અંતરજ્ઞાન પ્રગટ થતાં, મોક્ષ માર્ગ દેખાય. ૬

શિયળે શંકટ સવી ટળે, જો સુદ્ધ રીત પળાય
સોળ સતિસમ શિયળથી, મોક્ષ માર્ગે જવાય. ૭

તપ તપીયે નિષ્કામનાં, સકામ નિર્જરા થાય
કર્મ અરીને બાળીને, તપથી મોક્ષ જવાય. ૮

ભાવવડો સંસારમાં, ભાવે કેવળ જ્ઞાન.
આત્મશક્તિ ઉદય થતાં, મોક્ષ મહી સન્માન. ૯

એ ચાર પ્રકારી ધર્મનું, શરણુ ગ્રહો હે ભાય
મન વંછીત આશા ફળે, મોક્ષ મંદિર જવાય. ૧૦

(૧) શ્રી. અરિહંતને ખામણાં

વિનય ભાવથી વાંદીએ, અરિહંત ભગવાન
રાગાદિ અરીને હણી, પામ્યા કેવળ જ્ઞાન. ૧

અરિહંત ભગવાનને કેવળી કહેવાય
ખામું છું હું પ્રેમથી, ક્ષમા કરો જીનરાય. ૨

પંચ, મહા, વિદેહે, વીચરે કેવા છે એ તાત
અનંત દર્શનને જ્ઞાનથી, ઘટ ઘટ જાણે વાત. ૩

સમય સમયના જાણુ છે, અઢાર દોષ રહીત
સજોગી સુક લેસીને, ક્ષાયક છે સમકિત. ૪

ઘન ઘાતી કર્મચારને, બાળી કીધા રાખ
બાકીનાં જે ચાર તે, શરીર સાથે ખાખ. ૫

જયાં સુધી એ જોગ છે, વિચરે સ્વામીનાથ
ધર્મ તણો ઉપદેશ દે, ચારિત્રની સાથ. ૬

હે પ્રભુ જો આપની, કરી વીરાધના કાંય
પુનઃ પુનઃ હું ખામુ છું, ક્ષમા કરો જીનરાય. ૭

(૨) શ્રી સિધ્ધ ભગવંતને ખામણા

સિદ્ધ ભગવંતના ગુણુની, પ્રમોદ ભાવના ભાવ
જઘન્ય કર્મને બાળવાં, ખરેખરો આ લાવ. ૧

અનેક સિદ્ધા સિદ્ધ થયા, આખર એકજ સિદ્ધ
આઠ કર્મ ખપાવવા, સિદ્ધની પંદર વિધ. ૨

આઠ કર્મ કેવા કહ્યા, આલોઉ આ વાર
સુભા સુભ ઉદય થતાં, ફળ તણાં દાતાર. ૩

જ્ઞાન દર્શન આવરણુ સહીત, વેદની મોહની ચાર
ઘન ઘાતી બહુ ચોકણાં, છુટતા લાગે વાર ૪

આયુ નામ ગોત્રને, ચોથું કર્મ અંતરાય
એ રીતે જે વર્ણવ્યા, આઠ કર્મ ગણાય. ૫

ધન્ય ધન્ય પ્રભુ આપને, કર્યો કર્મનો નાશ
અનંત સુખનાં રાજીયા પુરજો મારી આશ. ૬

હે પ્રભુ જો આપની, કરી વિરાધનાં કાંય
પુનઃ પુનઃ હે ખામું છું, ક્ષમા કરો જીનરાય. ૭

(૩) શ્રી આચાર્યજીને ખામણાં

છત્રીસ ગુણધારી પ્રભુ, આચાર્યજી મહારાજ
સત્તર ભેદે સંયમનાં, પાળનાર મુનિરાજ. ૧

રૂણાનું બંધ અળગો કરી, કરે ધર્મ પ્રચાર
જ્ઞાન દાન આપીને, ઉદર પુર્ણ લે અહાર. ૨

તેમાં પણ નહીં એકને, ભાર રૂપ થનાર
છન્નું દોષ રહીત વળી, અચેત ભોગ કરનાર, ૩

એવા આચાર્ય મહારાજજી, પરિસહનાં જીતનાર
જોગ મળે ઉદય થતાં, સફળ કરે અવતાર. ૪

અહંકાર કે અજ્ઞાનથી, કર્યાં કદી ઈતરાજ
પુનઃ પુનઃ હું ખામું છું, ક્ષમા કરો મહારાજ. ૫

(૪) શ્રી. ઉપાધ્યાયજીને ખામણાં

પચીસ ગુણ ધારણ કરે, સ્વભાવે પણ શાંત
પ્રેમ સહીત ભણાવતા, સુત્ર અને સિદ્ધાંત. ૧

વળી અણગારી સાધનાં, ચુકે નહીં લગાર
તરે તરાવે અન્યનેં, ખરેખર તારણ હાર. ૨

એવા ઉપાધ્યાયજી, કર્યા કદી નારાજ
પુનઃ પુનઃ હું ખામું છું, ક્ષમા કરો મહારાજ. ૩

(૫) શ્રી. સાધુ સાધ્વીને ખામણાં

સત્તાવીસ ગુણ શોભતાં, પરી સહુના જીતનાર
સાધ સાધ્વી વિચરે, કરે ધર્મ ઉપકાર. ૧

મોક્ષ માર્ગે વાળવા, સમ્મ્યક બોધ દેનાર
પંચ મહા વ્રત પાળવા, છોડયો અસાર સંસાર. ૨

મહાવીર આજ્ઞા પાળતાં, ચુકે નહીં તલ ભાર
બાર ભેદે અતી આકળી, તપશ્યાનાં કરનાર. ૩

કંચન કામિની તણો, સ્પર્શ .નહી કરનાર
એવા સાધુ સાધ્વી, વાંદુ વાર હજાર. ૪

અજ્ઞ પણે મેં આપનો, કર્યો કંઇ અપરાધ
પુનઃ પુનઃ હું ખામુ છું, ક્ષમા કરો સુસાધ. ૫

(૬) શ્રી. શ્રાવક શ્રાવિકાને ખામણાં

દાન શિયળમાં સર્વદા, સદાચારી .સોભાય
યથાશક્તિ તપ સેવતાં, ફૂલમાં નહી લોભાય. ૧

પ્રતિક્રમણ નિશદીન કરે, નવતત્વના જાણ
છોપોસા માસે કરે, એકવીસ ગુણની ખાણ. ૨

નીજ થકી નિર્બળ કદી, અજ્ઞ પણે કરે દોષ
સુજ્ઞ શ્રાવક શ્રાવિકા, કદી ન કરશે રોષ. ૩

પરધન પત્થર લેખવે, પર સ્ત્રી માત સમાન
ધર્મ થકી ડરતા નથી, તોડે દેવ ગુમાન. ૪

એવા શ્રાવિક શ્રાવીકા, ખામું વિનય સહીત
સમકીતપણાને સાધવા, રાખું સૌથી પ્રિત ૫

વળી ખમાવું પ્રેમથી, પ્રાણી માત્રની સાથ
ચોરાશી લક્ષ યોનીનાં, જીવોની જે જાત ૬

ભીક્ષા માગું ક્ષમા તણી, રાખી દીલને સાફ
વૈર ભાવ જે અનાદિનાં, કરજો સરવે માફ ૭

પાંચમો આવશ્યક

પ્રતિક્રમણ વિશુદ્ધનાર્થે કાઉસ્સગ

પ્રથમ પરમેસ્ટી પ્રણમીએ, પ્રાયશ્ચિત કરવા કાજ
આગાર સહિત પણ રાખીને, કાઉસગ કરૂં મહારાજ ૧

ધર્મ ધ્યાનમાં લીન રહી, ભાવનાં ભાવું બાર
લોકા લોક સુખદુઃખનો, આણું મનમાં વિચાર ૨

અસ્થિર આ સંસારમાં, નહી શરણુ કરનાર
સંસાર સંબંધ અનિત્ય છે, એ-કો-ભોગવનાર ૩

એવું જાણી ચેતશે, લેશે ધર્મ સહાય
વિતરાગીના શરણુથી, ભવ બંધન કપાય ૪

અભંગ અને અવિચળપણે, જ્યાં સુધી રહેવાય
ભાવે ભાવના ભાવતાં આત્મ શક્તિ થાય. ૫

અરિહંત દેવનું સ્મરણ કરી, છોડો જ્યારે ધ્યાન
ઇશ્વર સ્તુતિ કર પ્રેમથી, મોક્ષ મહી સન્માન ૬

મૈત્રી કારૂણ્ય માધ્યસ્થ અને પ્રમોદભાવના ભાવ
સમભાવે રહેતા મળે, ત્રીરત્ન સુભ લાભ ૭

છઠો આવસ્યક

પચખ્ખાણ

છઠ્ઠા આવસ્યક મહીં, તપની આજ્ઞા જાણ;
યથા શક્તિ ઉમંગથી, તપસ્યાના પચખાણ. ૧

બે ઘડીથી આદરી, ત્રીસ ઘડીને માટ
પ્રતિબંધ કર પ્રેમથી, ચારે આહારની જાત.

છ આવસ્યક પુરા થયા, પ્રથમ સમાયિક સાર
ચોવીસંથો વંદણા, પરિક્રમણું મળી ચાર ૩

ધર્મ ધ્યાન ધાર્યા પછી, છઠું ગણુ પચખાણ
નીશદીન કરે પ્રેમથી, લહેસે ઉત્તમ લાણ. ૪

મિથ્યાત્વ સેવ્યું કદી, વ્રત કર્યા ન જરાય.
પ્રમાદ કર્યો ધર્મ ભાવમાં, સેવ્યા હોય કષાય. ૫

અસુભ કર્મને આદરી, કર્યા પાપનાં યોગ,
એ સર્વે નિષ્ફળ થવા, કરૂં અફસોસ અથાગ. ૬
ગયા કાળના પાપનું પ્રતિક્રમણ પ્રાયશ્ચિત,
સમવર વર્તમાન કાળનો, પાપ રોકે ખચીત. ૭
ભવિષ્ય કાળે મંગળ થવા, કરશે નિત્ય પચખાણ,
ચઢતી શ્રેણીએ પામસે, અનંત સુખની ખાણ. ૮

વ્રત્ત પાલન વિધિ

પુર્ણ થયું વ્રત્ત માહરૂં, પાળુ વિધિ સાથ
પ્રથમ વંદન પ્રેમે કરૂં, પંચ પરમેષ્ટી નાથ. ૧
અરિહંત સિદ્ધ આચાર્યજી, ઉપાધ્યાય સૌ સાધ
ગુરૂ ગણધરને પ્રણમતા, પ્રજળે પાપ અગાધ. ૨
કાયાથી જે સ્પર્શ કર્યું, સામાયિક વ્રત્તસાર
સુદ્ધ પ્રકારે સેવતાં, સોભા પામ્યો અપાર ૩
પ્રમોદ ભાવના ભાવતા, આરાધનામાં લીન
પાર ઉતાર્યું પ્રેમથી, આજ્ઞામાં આધિન. ૪
આજ્ઞાનુ સાર પાળવા, રહ્યું ન હોએ માપ
કૃપાવંત કરૂણા કરી, નિષ્ફળ કરજો પાપ. ૫
અતિ વ્યતિ આચારમાં, કર્યો દોષ જો કાંઇ
વિકથા જે ચાર છે, અજાણપણે અદરાઇ. ૬
અહાર મૈથુન ભય અને, પરિગ્રહ સંજ્ઞા કીધ
વ્રત્ત પાલનમાં કદી, થઇ હોય અવિધ. ૭

વળી આ નવમાં વ્રત્ત તણાં, ગણાય પાંચ અતિસાર
જાણુ પણ આચાર નહિ, સારા સાર વિચાર ૮
મન વચન ને કાયથી, માઠી રીત વર્તાય
ભાન ન રાખે કાળનું, ઝટ ઝટ આટોપાય. ૯
એ સર્વે દોષો માંહેલો, થયો મુજ થકી કોય
કે કો જનની આગળે, કર્યો કરાવ્યો હોય. ૧૦
કરતાને રૂડુ ગણી, ખાધી હોય જો થાપ
કૃપાવંત કરૂણા કરી નિષ્ફળ કરજો પાપ. ૧૧

સ્તુતિ

અરિહંત મુજે મંગલં, અરિહંત મુજે દેવયં
અરિહંત શરણે ઇષ્ટ આનંદ, વોશીરામિતે પાઉ કમં. ૧
સિદ્ધા મુજે મંગલં, સિદ્ધા મુજે દેવયં
સિદ્ધા શરણે ઇષ્ટ આનંદ, વોશીરામિતે પાઉકમં ૨
આયરિય મુજે મંગળં, આયરિય મુજે દેવયં
આયરીય શરણે ઇષ્ટ આનંદ, વોશીરામીતે પાઉકમં. ૩
ઉવ ઝાયા મુજે મંગળં, ઉવ ઝાયા મુજે દેવયં
ઉવ ઝાયા શરણે ઇષ્ટ આનંદ, વોશીરામિતે પાઉકમં. ૪
સૌ સાહુ મુજે મંગળં, સૌ સાહુ મુંજે દેવયં
સૌ સાહુ શરણે ઇષ્ટ આનંદ, વોશીરામિતે પાઉકમં ૫
એ પંચ મુજે મંગળં, એ પંચ મુજે દેવયં
એ પંચ શરણે પરમ આનંદ, વોશીરામિતે પાઉકમં. ૬

પ્રતિક્રમણની સઝાય

(શું કહું કથની એ રાગ)

પડિકમણું નિત્ય કીજે હો રા....જ, પડિકમણું નિત્ય કીજે
સત્સંગ કર મન રંગે હો રા....જ, પડિકમણું નિત્ય કીજે

પંચ પ્રમાદ તજી ઉમંગથી,
પડિકમણું નિત્ય કીજે,
અરિહંત સિદ્ધ ગુરૂ સતની સાખે,
પાપ આલોવણ લીજે હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે— ૧

જ્ઞાન અક્ષર ઓછો અધિકો,
કાનો માત્ર ભાંખ્યો,
જિન સાસનમાં શંકા કંખા,
મિથ્યાત્વ મનમાં રાખ્યો હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે— ૨

જીવ છ કાયનો આરંભ સમારંભ,
તીવ્ર પરિણામે કીધો,

ક્રોધ કષાય કરી જાુઠું બોલ્યો,
અદત્તા દાનજ લીધો હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે.—૩

પરસ્ત્રિ દેખી પ્રેમ વધાર્યો,
ધન લોભે લલચાયો.
દસે દીશાની અધિકી રાવઈ,
ખાવણુ પીવણુ રાચ્યો હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે— ૪

કર્માં દાણીં અનર્થા દંડે
સામાયિક સુદ્ધ ન આવે
દીશા ત્રગાસો વૃત આઠમ પાખી,
પોષધ ભલો નહિં ભાવે હો રા....જ. પડિં૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે— ૫

જમવા વેળા જમવા બેઠો,
સાધુ ચિંતવણા વિસરીઓ.
સલેહણા વૃત વીરજીએ ભાંખ્યો,
એકસો ચોવીસ દૂષણ ભરીઓ હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રાજ
પડિકમણું નિત્ય કીજે— ૬

જાણ્યે અજાણ્યે જે પડિકમ સે,
કર્મે તે હળવો થાશે.
વરૂણ નાગ નટવાના દષ્ટાંત,
ભાવે ભવ દધિ તરશે હો રા....જ. પડિં૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે— ૭

સામાયિક પોસો પડિકમણું
આસ્તા સહિત જે કરશે,
નવાનગરમાં મુનિ તેજસીંહ ભાંખે,
તે ભવ સાગર તરશે હો રા....જ. પડિ૦

સત્સંગ કર મન રંગે હો રા....જ,
પડિકમણું નિત્ય કીજે.

પ્રતિક્રમણની સઝાય

(જાય છે જગત ચાલ્યુ–એ રાગ)

પડિકમણું કરીને રે હું માફી માગું (એ ટેક.)

શ્રી શ્રી મંદીર સ્વામી, આપ છો અંતર જામી.
વાંદુ છું હું શીરનામી રે;.... મંદીર સ્વામી—પડિકમણું. ૧

આમાયિક શુદ્ધ કરી, સમભાવ ચિત્તે ધરી.
નિર્જરા નિરજરી રે,....મંદીર સ્વામી—પડિકમણું. ૨

ચોવીસંથો સ્તવી કરી, વંદણા ભાવથી ભરી.
સમકિત્ત શુદ્ધ ધરી રે....મંદીર સ્વામી—પડિકમણું ૩

બારે વ્રત તણા દોષ, આલો૦યા મેં નિરદોષ.
અતિ કરી અફશોષ રે....મંદીર સ્વામી—પડિકમણું. ૪

અઢારે પાપના સ્થાન, તેનું પણ થયું ભાન.
રખડાવે છે નિદાન રે, મંદીર સ્વામી—પડિકમણું. ૫

મિથ્યાત્વને પરૂં કરી, જાણ્યા જુના આઠેઅરી.
સુ સરણા ચાર ધરી રે. મંદીર સ્વામી—પડિકમણું ૬

ચઉદ સ્થાન કે જીવ, વિરાધુ છું હું સદૈવ.
તજી ભાન જીવાજીવ, રે મંદીરસ્વામી—પડિકમણું. ૭

સમણ સુત્ર વિચાર્યું, ધાર્યા જેવું તે મેં ધાર્યું.
છાંડયા જેવાને નકાર્યું, રે મંદીર સ્વામી—પડિકમણું ૮

અરિહંત સિદ્ધ સંત, ગુરૂ આદિ ભગવંત
ખમાંવ્યા ધરીને ખંત રે, મંદીર સ્વામી—પડિકમણું ૯

બીજા જીવ તણા જથ્થા, હણ્યા હણાવ્યા મેં વૃથ્થા
માફ માગુ છું સર્વથા રે મંદિર સ્વામી—પડિકમણું ૧૦

ધર્મ ધ્યાન ધર્યું ચિત્ત, કાઉસ્સગે લાગી પ્રીત
રોકી ઇદ્રીઓ અજીત રે મંદિર સ્વામી—પડિકમણું ૧૧

આહાર સંજ્ઞા અનાદી, અહો રાત્રીએ સ્વાદી
પચખાણે મરીયાદી રે મંદીર સ્વામી—પડિકમણું ૧૨

સમે સમે બાંધુ પાપ, જાણી દેખી રહ્યા આપ
માફ કરો જપુ જાપ, રે મંદીર સ્વામી—પડિકમણું ૧૩

આવશ્યક અહોનિશ, ફરજ શ્રાવકશિષ
ઉપદેશ્યું જગદીશ રે મંદીર સ્વામી—પડિકમણું ૧૪

આજ સુધી દોષ થયા, શુભ ભાવે આલોવીઆ
માફ કરો હોય રહ્યા રે મંદીર સ્વામી—પડિકમણું ૧૫

હવે નહિ થવા દોષ, ચિત્તમાં રાખું અંકોષ
પુષ્પચંદ ને સંતોષ રે મંદીર સ્વામી—પડિકમણું ૧૬

મુદ્રક : હ. મ. પંડ્યા, સૌરાષ્ટ્ર મુદ્રણાલય : રાણપુર.